**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૭ નવેંબર ૨૦૦૮**

## વિમાન નું ઈંધણ પેટ્રોલ કરતાં સસ્તું;
## કેંદ્ર સરકાર નું અજબ અર્થશાસ્ત્ર : રામ નાઈક

**મુંબઈ,સોમવાર :**" વિમાન ઈંધણના (Aviation Turbine Fuel) લિટરે રૂ.૩૨.૯૮ અર્થાત ૪૫ ટકાએ ઓછા કરી શ્રીમંતોની કદમબોશી કરવા કરતાં ડૉ.મનમોહન સિંહ નિ સરકારે 'આમ આદમી'ને ઉપયોગ નું પેટ્રોલ ઓછામાં ઓછા રૂ.૫,ડિઝલ રૂ.૩ અને રાંધણ ગેસ રૂ.૫૦ ના ભાવે ઓછા કરવા," આમુજબની માગણી માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે કરેલ છે.ગઈકાલથી વિમાન ઈંધણના ભાવ હજૂ ઓછા થયાની પાર્શ્વ ભૂમી પર શ્રી રામ નાઈકે ફરિ એકવખત આ માગણી કરેલ છે.

આ સંદર્ભે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યુંકે"ડૉ.મનમોહન સિંહની સરકારનું પેટ્રોલિયમ ક્ષેત્ર અંગે નું ધોરણ એકદમ દિશાહીન થયેલ છે.જુલાઈ ૨૦૦૮માં કાચા તેલ ની કિમત આંતરરાષ્ટ્રીય બઝારમાં બૅરલ દીઠ૧૪૭ ડૉલર હતી,તે નવેંબરમાં ૫૬ ડૉલર અર્થાત ઓછા કરતાં ય ઘણે ઓછી થયેલ છે.પેટ્રોલ - ડિઝલના ભાવો એક અઠવાડિયામાં ઓછા કરીશું એવી જાહેરાત પેટ્રોલિયમ પ્રધાન શ્રી મુરલી દેવરાએ ૨૩ ઓકટોબર ૨૦૦૮ના લોકસભામાં કરવા છતાંયે હાલ સૂધી નિર્ણય લીધો નથી ,પણ વિમાન માટે ઉપયોગમાં આવનારા ઈંધણના ભાવ સપ્ટેંબરથી પાંચ વખત ,અને તેમાંય નવેંબર માં જ ત્રણ વખત ઓછા કરેલ છે.૧ઑગષ્ટ ના વિમાન ઈંધણ ના ભાવ લિટરે રૂ.૭૩.૬૭ હતાં.તે હવે રૂ.૪૦.૬૯ અર્થાતજ દર લિ;રે રૂ.૩૨.૯૮(૪૫ ટકા)એ ઓછા કરેલ છે.પરિણામે ,હવે મોટર માટે ના ઉપયોગનું પેટ્રોલના ભાવ લિટર દીઠ રૂ.૫૫.૦૭,અને વિમાનના ઈંધણ ના તેના કરતાંય ઓછા એટલે કે રૂ.૪૨.૯૮ લિટર દીઠ થયેલ છે."

''બલાઢય વિમાન કંપનીઓના દબાણમાં આવી વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ,અર્થપ્રધાન ડૉ.પી.ચિદંબરમ,પેટ્રોલિયમ પ્રધાન શ્રી મુરલી દેવરા,નાગરી વિમાન વાહતુક પ્રધાન શ્રી પ્રફુલ્લ પટેલેસામાન્ય માણસની સહનશીલતા નો અંત લાવી દેનારૂં અજબનું અર્થશાસ્ત્ર તૈયાર કરેલ છે. એકતરફ વધતી મોંઘવારી અને બીજી બાજૂ મંદી ની વચ્ચે 'આમ આદમી' અક્ષરશઃ પીસાઈ રહ્યો છે.પેટ્રોલના બાવ લિટરદીઠ રૂ.૫.ડિઝલના લીટર દીઠ રૂ.૩,અને રાંધણગેસના સિલીંડર દીઠ રૂ. ૫૦ ના દરે તાત્કાલીક ઓછા કરવા જોઈએ.અન્યથા સામાન્ય માણસ આવનારાં દિવસોમાં કોંગ્રેસને પાઠ ભણાવશે," એવી ચેતવણી પણ શ્રી રામ નાઈકે આપેલ છે.

**(કાર્યાલય સચિવ)**